# વીતેલું વર્ષ :
# મેં ઉજવ્યું રક્ષાબંધનપર્વ

--એ. ટી. સીંધી 'મૌલીક'

વાત મારે એક રાતની માંડવી છે, જે ગત વર્ષના પ્રસંગો સંભારતો હતો ત્યારે અચાનક માનસપટ પર ઝબકી ગઈ! એ રાતે વરસાદ તો એની મસ્તીમાં જ હતો. મસ્જીદેથી નમાજ બાદ રાતે દસેક વાગે હું પાછો ફરી રહ્યો હતો. લગભગ દોઢસો જેટલાં ઘર-કુટુંબો જેટલી વસ્તીવાળો આ વીસ્તાર હવે મુસલમાનોની સોસાયટીઓના વીસ્તાર તરીકે ઓળખાય છે. મકાનોની વચ્ચે એક મસ્જીદ પણ ખરી. મારા ઘરેથી મસ્જીદે જવા માટે મારે માત્ર પચ્ચીસ-ત્રીસ મકાનોનો માર્ગ કાપવો પડે. વચમાં એક વળાંક આવે. આ વળાંકની બાજુના મકાનમાં રહેતા સજ્જને પોતાના મોટા આંગણામાં ત્રણેક નાની-નાની ઓરડીઓ બાંધી છે. આ ઓરડીઓમાં સામાન્ય રીતે શ્રમજીવી વર્ગના ભાડુતો રહે.

આખો દીવસ મજુરી અને સાંજે થાક. નાનકડી ઓરડીમાં એકાદ-બે બાળકો ને વળી કોઈક તો વૃદ્ધ મા-બાપ સાથે પણ જીવનને સમારે. ગેસ-સગડી, પ્રાઈમસ-સ્ટવ તો તેઓ ક્યાંથી રાખે ! મોટે ભાગે લાકડાં-કોલસા પેટાવીને શ્રમજીવી બહેનો રસ્તાની એક કોરે રાંધતી હોય...પાસે ટાબરીયાં રાહ જોતાં બેઠાં હોય. પાકાં મકાનોવાળા માટે તો, એ બીચારા મજુર વર્ગના લોકો સાથે, પરીચય કેળવવાની જરુર જ શી ! ભાગ્યે જ કુતુહલપુર્વક કોઈ નજર પડતી હશે...અને પડે તોય દોડધામભરી આ જીંદગીમાં કોને કોની પડી છે ? ખેર, પહેરવેશથી ખ્યાલ આવી જાય કે આ શ્રમજીવીઓ મુસ્લીમ વીસ્તારમાં રહેતાં બીનમુસ્લીમ હીન્દુસ્તાનીઓ છે.

એક ઓરડીમાં રહેતા કુટુંબના એક ટાબરીયાને ત્યાંથી પસાર થતાં લગભગ રોજ હું જોઉં. બાળસહજ નીર્દોષતા કોને ન આકર્ષે ! મસ્જીદેથી જતાં-આવતાં એની મુસ્કુરાહટમાં મને માલીકની મખ્લુકનાં શ્રેષ્ઠ દર્શન પણ થાય. વળી ક્યારેક બજારેથી ચાલતાં સાંજે એ રસ્તેથી આવું અને મારા હાથમાં કુટુંબ માટેની ખાદ્યસામગ્રી ખરીદેલી હોય. પેલું બાળક મને જોતાં જ આવીને વળગી પડે અને વગર માંગે એને હું કંઈક આપું. ઓરડીની બહાર શ્રમજીવી યુગલને પણ સંસાર-સંઘર્ષની વેતરણમાં પરોવાયેલો જોઉં. થોડા સંક્ષોભ સાથે ટાબરીયાનાં મા-બાપ મારા આગ્રહને વશ થઈ બાળકને સંમતી આપે અને બાળક રાજી...રાજી...! બાળક રાજી તો અલ્લાહ પણ રાજી ! હા જી, ગઈ રાતે વરસાદ કંઈ જોરમાંહતો. હું મસ્જીદેથી પરત ઘર તરફ આવતો હતો. પેલી ઓરડી બંધ હતી. ઝાંખો-પાંખો ભેજીલો અજવાસ અંદર ડુમાતો હોય એવું લાગતું હતું. અંદરથી જરા મોટેથી અવાજ આવતો હતો. ધણી-ધણીયાણી વચ્ચે કજીયો થયાનાં એંધાણ હું પામી ગયો.

'કોરાં લુઘડાં આલ...હું પલળી જ્યો સું, જોતી નથી ! ટાઢ વાય છે...!'

'ખબર તો સે...ઘરમાં લુઘડાં બીજાં ચ્યાં સે !'

'કહું સું ને લુઘડાં આલ્ય...!' મર્દનો ગુસ્સો વધ્યો.

' તો હવે કઈ કમાઈમાંથી હું તને નવાં કોરાં લુઘડાં લાઈ આલું ?'

એકનું એક બાળક પણ રડતું હતું. ઘર ભણી ચાલતાં મારા પગમાં મંદતા આવી ગઈ. ઉંડેથી એક નીસાસો નીસરી પડયો. હું શું કરી શકું ? ભારતની કરોડો ગરીબ ઓરડીઓમાં કદાચ આવા જ ફુત્કાર-ચીત્કાર ઉઠતા-પડઘાતા રહે છે. ને...ઘેર પરત આવ્યો...શાંત નીદ્રા માટેની દુઆ-પ્રાર્થના માટે હવે મારા હાથ ઉઠી શકે એમ ન હતા. ખલીફા હઝરત ઉમરે બાદશાહ હોવા છતાં પોતાની પીઠ ઉપર ખાદ્યસામગ્રી ઉંચકીને પેલી ગરીબ માતાની ઝુંપડીમાં ભુખથી ટળવળતાં બાળકોને ખુશ કરવાનું પુનીત કાર્ય એક ઉત્તમ ઈબાદત લેખે કરેલું તે મારા મનમાં સળવળતું હતું; પણ શું કરવું ?

રાત્રે સાડા દસે ઝઘડતા શ્રમજીવી યુગલને શેં સમજાવવું કે રક્ષાબંધનની આગલી રાતે પણ ગરીબી તો હાડ સાથે યુવાનીને પણ ગાળી નાંખે ! છેવટે ના રહેવાયું .

ઉઠ્યો. કબાટ પાસે જઈ મારાં કપડાંમાંથી જોડ લીધી. પત્નીએ પ્રશ્ન કર્યો. જવાબ દીધો : 'જાઉં છું, મસ્જીદ તરફ, કપડાંની જોડ આપવી છે હાજતમંદને, ઈન્શા અલ્લાહ નેકી મળશે.'

મને ખાસ્સી મુંઝવણ થતી હતી. શ્રમજીવીને કંઈ ભીખ અપાય ? જો આ સ્વમાની મજુર યુગલ કપડાં નહીં લ્યે તો ? વળી આગલી રાતે આ રીતે પરોપકારનો ઉધામો ! છતાં ના રહેવાયું. ગયો. એક સુંદર હીન્દુસ્તાની વીચારે મને ગત આપી…

જઈને ઓરડીનાં બંધ દ્વારે ટકોરા કર્યા. વરસતા વરસાદના વીઘ્ન વચ્ચે કેટલીક પળો બાદ ઓરડીનાં દ્વાર ખુલ્યાં. મને જોઈ સૌથી પહેલો પેલો ટાબરીયો નાગો-પુગો આવીને દરવાજામાં ઉભો. એ જ મુસ્કુરાહટ સાથે ! સહસા આ રીતે મને આવેલો જોઈને નવાઈ અને કંઈક ક્ષોભ સાથે અંદરથી બહેને મને આવકાર આપ્યો. એકાદ વસ્ત્ર વીંટાળેલો એનો પતી ખુણામાંની સગડીએ શેક લેતો બેઠો હતો…ગુસ્સામાં કંઈક બબડતો ને હાંફતો.

પતી-પત્ની અને ટાબરીયો ત્રણેની આંખો અંધારામાં છત્રી ઓઢેલા મને તાકતી હતી. હું કંઈ બોલું તેની રાહ જોવાતી હતીઃ ' કેમ છે, ટાબરીયા…!'

' … … …' (મુસ્કુરાહટ સીવાયની કોઈ ભાષા હજી તેની પાસે આવી ન હતી.)

' બહેન, આ નાનકો હજી જાગે છે !'

' હા સાહેબ, રસ્તામાં રોજ તમને પજવે છે ને ! '

તેનો બાપ ખુણામાંથી વીસ્મયભરી આંખે, કંઈક કરડાકીભર્યા ચહેરે તાકી રહ્યો હતો. મેં જ એને પુછ્યું, 'કેમ છો ? '

ખુણામાંથી એણે માંસલ મજુર હાથ ઉંચો કર્યો. મેં લાગલો સવાલ બહેનને કર્યો,' શું નામ છે એમનું ? '

બહેને એની તરફ જોયું.પછી એ જ બોલ્યો, 'પ્રતાપ'. ટાબરીયાના હાથમાં પ્રતાપભાઈનાં વસ્ત્રોની થેલી આપી હું બોલ્યો, 'પ્રતાપભાઈ, કાલે રક્ષાબંધન છે ને તેથી આ લઈ આવ્યો છું.' બહેનના ચહેરા પર અવર્ણનીય પ્રસન્નતા હતી. પ્રતાપના પણ મુખભાવ બદલાયા. વરસાદ પણ થંભ્યો. વાણીએ વીરામ લીધો ને લાગણીની રેલમાં આનંદતો હું ઘરે પરત ફર્યો. મુસલમાનોના મહોલ્લામાં મસ્જીદ પાસે આખરે ઉજવાઈ ગઈ રક્ષાબંધન, અર્ધી રાતે !

--એ. ટી. સીંધી 'મૌલીક' લખ્યા તા. 10 ઑગસ્ટ, 2006.

**સંપર્ક :** **પ્રા. એ. ટી. સીંધી** 'મૌલીક', 52-મહંમદી સોસાયટી, **પાલનપુર**-385 001
ફોન : 02742–255 422
**ઈ-મેઈલ :** afzalsindhi2005@yahoo.com *અને* atmaulik@yahoo.co.in

*વંચીતલક્ષી, વીકાસપ્રવૃત્તી, વૈજ્ઞાનીક અભીગમ, શોષણવીહીન સમાજરચના માટે પ્રતીબદ્ધ અને સને ૧૯૯૯થી* ***'ઉંઝાજોડણી'****ને વરેલા પાક્ષીક* ***'નયામાર્ગ'****ના, તા. 1 જાન્યુઆરી 2007ના અંકના પાન નં. 30 ઉપરથી સાભાર---*

◆◆◆

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : 87 -- ફેબ્રુઆરી 4, 2007

'સન્ડે ઈ-મહેફીલ' માટે 'ઉંઝાજોડણી' અને 'વીજયા' ફોન્ટ'માં : અક્ષરાંકનઃ *મીત્ર* ***શ્રી. જુગલકીશોર વ્યાસ*** *(અમદાવાદ) : jjugalkishor@gmail.com અને j_jugalkishor@yahoo.co.in*

web site : http://jjkishor.wordpress.com

◆◆◆



## લેખક પરીચય

બનાસકાંઠા જીલ્લાના જુનાડીસા ખાતે ૧૯૫૩માં જન્મેલા ભાઈ **શ્રી. એ. ટી. સીન્ધી** હાલ પાલનપુરની કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક છે. **'મૌલીક'**ના તખલ્લુસથી લખાતી એમની ગઝલો, ગઝલપ્રેમીઓમાં સારો આવકાર અને આદર પામી છે. જવલ્લે જ પ્રગટ થતા એમના નીબંધો અને એમનો અનુભવપ્રસાદ એમની નીરાળી, નીર્દંભ-સરલ અભીવ્યક્તીની **'મૌલીકતા'**ને કારણે ધ્યાન આકર્ષે છે.

કોમીશાંતી, ભાઈચારો, સદ્દભાવના અને માનવમુલ્યોનાં સંવર્ધન માટે અડીખમ રહી વીવીધ પ્રવૃત્તી આદરતા **'અમન ટ્રસ્ટ, પાલનપુર'**ના તેઓ આદ્યસ્થાપક, સક્રીય કાર્યકર અને માર્ગદર્શક છે...

--ઉત્તમ ગજ્જર (સુરત) અને બળવંત પટેલ (ગાંધીનગર)

◆◆◆

માત્ર બાર માસના ગાળામાં 2,00,000 જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં <http://www.gujaratilexicon.com> **લેક્સીકોન**ની મુલાકાત લીધી. આપને પણ **લેક્સીકોન**ની આ નવી **interface**ની મુલાકાત લેવાનું નીમંત્રણ છે.

આપ સૌના સહયોગ થકી **સન્ડે ઈ-મહેફીલ**ના સાડાત્રણ હજાર જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે જ... સૌનો આભાર..**સન્ડે ઈ–મહેફીલ**ની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી http://sundaymahefil.googlepages.com/ વેબસાઈટ પરથી તથા http://gujaratilexicon.com/index.php?action=downloadSeM પરથી પણ સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી **લેક્સીકોન** અને **ઓપીનીયન**ની મુલાકાતે પણ જઈ શકાશે..

Kindly send your suggestions to

Ratilal Chandaria, e-mail:rpchandaria@comcraft.com

◆◆◆

## ◆◆◆ *હાસ્યેન સમાપયેત્* ◆◆◆



એંન્ગેજમેન્ટ, વેડીંગ, બેબીશાવર, બર્થડે... ! એવરેજ આપણે લોકોને ત્રણત્રણ- ચારચાર ગીફ્ટ્સ તો આપતાજ હોઈશું..., કમ સે કમ આપણે ત્યાં એકાદ ગીફ્ટ આવે એ બહાને તો તમારા દીકરાને પરણવા રાજી કરો...?

Mahendra

મહેન્દ્રભાઈનો ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com
web site : www.ameamericanamdavadi.com

◆◆◆

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : 87 -- ફેબ્રુઆરી 4, 2007

'

*જ્યાં સુધી શોષક અને શોષીતોના બે વર્ગ રહેવાના, જ્યાં સુધી ઈતીહાસમાંથી પાઠ ભણવાને બદલે આપણે એનું પુનરાવર્તન કરતા રહેવાના, જ્યાં સુધી માણસની અંદર રહેતો હેવાન જાગતો રહેવાનો, જ્યાં સુધી માણસ માણસાઈ સીવાયના ધર્મો, સંપ્રદાયોના દાયરાઓમાં અટવાતો રહેવાનો ત્યાં સુધી **સઆદત હસન મંટો**ની વાર્તાઓ અપ્રસ્તુત નથી થવાની...**શરીફ઼ા વીજળીવાળા***

'

પરીચય પુસ્તીકા પ્રવૃત્તી-1054 - *'મંટોની વાર્તાસૃષ્ટી'*-માંથી સાભાર....
-- લેખીકા: શરીફ઼ા વીજળીવાળા - પાન : 36- મુલ્ય : રુપીયા 6 (છ) -
મુખ્ય વીક્રેતા : **નવજીવન ટ્રસ્ટ,** પોસ્ટ નવજીવન, **અમદાવાદ** - 380 014-INDIA